Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

એક સીધી લીટી
ફૂટપટ્ટિ વગર
દોરીને જોજો,
ત્યારે સમજાઇ જશે કે,
જીવનમાં સરળ બનવુ
ધારીએ તેટલું
સહેલુ નથી હોતુ.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 263 ● 1st August 2025 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એન. શાહ.............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ..................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ..................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ..................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ...................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ........................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ...................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર, જૈનમ્ જયતિ શાસનમ્

૨૦ ઓગષ્ટે પર્વાધિરાજ પર્યુષણનો પ્રારંભ થાય છે. પંચેન્દ્રિયોથી થતા કષાયો અને આત્માની ઉન્નતિમાં અવરોધરૂપ કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ-દ્વેષ-જે જીતે તે જિન કહેવાય છે. અહિંસા પરમો ધર્મ એ જેનો સિધ્ધાંત છે તે જૈનધર્મમાં પર્યુષણનો મૂલાધાર જીવમાત્ર પ્રત્યે વેરને બદલે મૈત્રી, સ્વાર્થને બદલે ઉદારતા, અહંકારને બદલે નમ્રતા અને ક્રોધને બદલે સમતાછે. પુણ્યોદયે આપણને જૈનશાસન મળ્યું છે. તો આ પર્યુષણમાં દેહભાવને ગૌણ કરીને વ્રત, જપ, તપ, ત્યાગ, આરાધના કરીને આત્માની સમીપે જવાનું છે. ધર્મ વિનાનું જીવન, ભલે દીર્ઘ હોય, પણ નકામું કહેવાય. ખરો ધર્મ પરિણતિનો છે જે અંતરઆત્મામાંથી જ પ્રગટે છે. જ્ઞાની મહાત્માઓએ શ્રાવક-શ્રાવિકાઓને બાર વ્રત અને પાંચ કર્તવ્ય-પાલનનું ફરમાન કરેલું છે. આપણે સૌ પ્રાર્થના કરીએ કે હે પાવન પર્વાધિરાજ,

રોગો ભલે મુજ જાય ના, મુજ રાગને પ્રભુ ટાળજો,
કષ્ટો ભલે મુજ જાય ના, અંતર કસાયો કાપજો,
ભલે દુર્ગતિ મુજ ના ટળે, પણ કુમતિ મુજ ટાળજો.

પાપને શોષવાના અને પુણ્યને પોષવાના આ મહાપર્વને આપણે ખૂબ ભાવ પૂર્વક અને ઉમંગથી ઉજવીએ એ અભિલાષા. સૌ જીવો મોક્ષ પ્રાપ્તિના પંથે પ્રગતિ કરે તેવી અભ્યર્થના.

ક્ષમાપના એ પર્યુષણનો પ્રાણ છે. क्षमा विरस्य भूसणम्  સમગ્ર સમાજના જ્ઞાતિબંધુઓ ખમાવવાનું અમને સદ્ભાગ્ય મળ્યું છે તો, અમારાથી જ્ઞાતિના-સમાજના કોઈપણ વ્યક્તિને જાણતા કે અજાણતા અમારા વૈચારિક, શાબ્દિક કે દૈનિક વર્તનથી દુ:ખ થયું હોય તો તે બદલ સાંવત્સરિક પર્વના પાવન પ્રસંગે અમે અંત:કરણ પૂર્વક, નત્ મસ્તકે, કર જોડી આપ સૌની ક્ષમા માગીએ છીએ. ક્ષમા આપશોજી. સમગ્ર જ્ઞાતિમાં નાની મોટી સર્વ તપસ્યા કરનાર જ્ઞાતિજનોની અમદાવાદ જ્ઞાતિમંડળ ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ એ સમ્યક્જ્ઞાન પ્રસારનિધિના સહયોગથી ચર્ચા-વિચારણા કરીને, વાર્ષિક ધોરણે તપસ્વીઓના તપનું બહુમાન અને અનુમોદના કરવા માટેની તપની યાદી આ અંકમાં અન્યત્ર છાપેલ છે.

સાધર્મિક સહાય યોજના અંતર્ગત, સાધર્મિક પરિવારોને આર્થિક સહાય રૂપે સમાજના કોઈ પણ વ્યક્તિની રોકડ રકમ આપવાની ઈચ્છા હોય તો તઓ મંડળના કાર્યાલયે રોકડ રકમ લખાવી શકે છે. મંડળ તરફથી જીવન જરૂરી ખાદ્ય સામગ્રી પહોંચાડતી વખતે આપના તરફથી મળેલ રકમ, પરિવારના કુટુંબ દીઠ મોકલી આપવામાં આવશે.

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**

**(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)**



**સ્વ. શ્રી શશીકાંતભાઈ પોપટલાલ ગાંધી**

(મોઢેરા) અમદાવાદ

જન્મ તા.૩૦-૦૯-૧૯૪૪ - સ્વ.તા.૦૯-૦૨-૨૦૨૪

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી
હિતેશકુમાર બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશકુમાર ગાંધી
વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**
**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત દર મહિને બે ગુરુવારે ડૉ.શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથીક માર્ગદર્શન અને દવા નિ:શુલ્ક આપે છે. તેના મેસેજ સંસ્થા દ્વારા વોટ્સએપથી મોકલવામાં આવે છે. આ સેવાનો લાભ લેવા સૌને વિનંતી છે.

સમ્યક્‌જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત પાઠશાળા કાર્યરત છે. આપ સૌને ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળાનો લાભ લેવા વિનંતી છે.

એક જ રસોડે જમતા હોય અને કુટુંબના નિવાસ સ્થાને (પિતા, પુત્ર એમ બંનેના નામે) એકથી વધારે "પરિવાર પત્રિકા" આવતી હોય તો તેમણે અમદાવાદ મંડળના કાર્યાલયે લેખીત જાણ કરીને, તેમને ત્યાં હવેથી આ એકજ સરનામે "પરિવાર પત્રિકા" મોકલશો તેવી ખાસ સૂચના આપવા વિનંતી છે.

"પરિવાર પત્રિકા"માં એક નવો વિભાગ જુલાઈ-૨૦૨૪થી શરૂ કરેલો છે. તે અંતર્ગત આપની ધંધાકીય, વ્યવસાયીક જાહેરાત માત્ર રૂા.૬૦૦/-માં આપી શકાય છે. તેની સાઈઝ ૬ સે.મી. X ૯ સે.મી. રહેશે. આવી જાહેરાત અન્યત્ર અખબાર કે મેગેઝીનમાં આપવામાં ઘણી મોટી રકમ ચૂકવવી પડતી હોય છે અને તેની સામે Response અલ્પ હોય છે. આપણા "પરિવાર પત્રિકા" માં મામૂલી રકમથી જાહેરાત આપવાથી સમગ્ર જ્ઞાતિજનોને જાણ થાય છે. અને વ્યવસાયમાં વૃધ્ધિ થઈ શકે છે. તો સર્વે જ્ઞાતિજનોને વિનંતી કે "પરિવાર પત્રિકા"માં આપ આપના અને આપના સંપર્કો દ્વારા વ્યવસાય-ધંધાની જાહેરાત માત્ર રૂા.૬૦૦/-માં કરાવી સહકાર આપશો.

**સર્વે જ્ઞાતિબંધુઓને અમદાવાદ મંડળના મિચ્છામિ દુક્કડમ્**

શ્રી ભાવેશભાઈ એમ શાહ-મંત્રી • શ્રી રમેશભાઈ સી શાહ-સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### અહેવાલ

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ તરફથી તા.૦૮-૦૬-૨૦૨૫ને રવિવાર ના રોજ પેરેન્ટિંગ ફોર પીસનો પ્રોગ્રામ જ્ઞાતિના હોલ પર રાખવામાં આવેલ હતો. આ પ્રોગ્રામના વક્તા આપણી જ્ઞાતિના શ્રીમતી શ્રધ્ધાબેન ધવલભાઈ શાહ (ઉનાવા) હતા.

સૌ પ્રથમ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દેવલબેન શાહએ આવનાર મહેમાન શ્રી શ્રધ્ધાબેન ધવલભાઈ શાહ તેમજ સર્વે જ્ઞાતિજનોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રધ્ધાબેનનો પરિચય મહિલા મંડળના પ્રમુખશ્રી દેવલબેન શાહે તથા ઉપપ્રમુખ દિપીકાબેન શાહે કર્યું હતું. બહુમાન પછી શ્રધ્ધાબેને બાળકોના ઘડતર માટે માતા-પિતાએ શું તકેદારી રાખવી જોઈએ એના વિશે સુંદર સમજ આપી હતી. તથા તેમણે ગેમ રમાડીને માતા-પિતાને ખૂબજ સુંદર સંદેશ આપ્યો હતો તથા માતા-પિતાએ પણ આ સેમિનારમાં ચર્ચામાં ખૂબ સરસ રીતે ભાગ લીધો હતો. અંતમાં સર્વે જ્ઞાતિજનોનો મહિલામંડળ તરફથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પ્રોગ્રામ પત્યાબાદ બધાએ ખૂબ સારી રીતે અલ્પાહારની મજા માણી હતી.

સોનલબેન એસ. શાહ-મંત્રી • પીન્કીબેન એસ. શાહ-સહમંત્રી



**ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
**(ગાંભુ-હાલ:પૂના)**
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ◎ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

જેણે પોતાનું મન જીતી લીધું છે
તેના માટે, મન શ્રેષ્ઠ મિત્ર છે, પરંતુ
જે તે કરવામાં નિષ્ફળ ગયો છે
તેના માટે મન સૌથી મોટું શત્રુ છે.

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, કીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા




# હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

બોકરવાડા નિવાસી હાલ : અમદાવાદ

રોહિતભાઈ ચીમનલાલ શાહ અને

નિરૂપમાબેન રોહિતભાઈ શાહ ના પૌત્ર

"C.A. નીલ"

એ અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ કરીને

**Chartered Accountant** ની

ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

તે બદલ ખૂબ ખૂબ અભિનંદન

પાઠવતા અમો ગૌરવ અને

આનંદની લાગણી અનુભવીએ છીએ.

**C.A. નીલ**

ઉત્તરોત્તર પ્રગતિ કરી કુટુંબનું અને
સમાજનું ગૌરવ વધારે તેવી અભિલાષા.

લિ.

| | |
|---|---|
| કલ્પેશ રોહિતભાઈ શાહ | અર્ચના કલ્પેશ શાહ |
| ભાવિક રોહિતભાઈ શાહ | દિપાલી ભાવિક શાહ |
| ભાવિન રોહિતભાઈ શાહ | પલક ભાવિન શાહ |
| સ્મિત ભાવિક શાહ | વ્યોમા ભાવિન શાહ |

ભરતભાઈ ડાહ્યાભાઈ શાહ (નાના)
વર્ષાબેન ભરતભાઈ શાહ (નાની)
મુકુલ ભરતભાઈ શાહ • મિનલ મુકુલ શાહ • મોનીલ મુકુલ શાહ

નિવાસ સ્થાન : 403, ઉજાસ ફ્લેટ, જૈન મર્ચન્ટ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: 9925900464

## સંપાદકિય

# અનીતિનું આચરણ કરાય તો અંતરાત્મા પશ્ચાત્તાપ અનુભવે

મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાની ઘટનાઓ દુર્ઘટનાઓ કહેવાય છે અને - પરિણામે સર્વત્ર વિક્ષોભ જ પેદા થાય છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, પૃથ્વી બધાં નિયત કક્ષા અને ધરી પર ફરે છે, એકબીજા સાથે આકર્ષણશક્તિથી બંધાયેલાં રહે છે અને એક નિયત વ્યવસ્થાને અનુરૂપ પોતાનો કાર્યક્રમ ચાલુ રાખે છે. જો તેઓ નક્કી થયેલ વ્યવસ્થા મુજબ પોતાનો કાર્યક્રમ ચાલુ ન રાખે તો તેનું પરિણામ પ્રલય જ હોઈ શકે છે. ગ્રહો જો માર્ગમાં ભટકી જાય તો એકબીજા સાથે અથડાઈને વિનાશની પ્રક્રિયા પેદા કરી દેશે. મનુષ્ય પણ જ્યારે પોતાના કર્તવ્યમાર્ગથી ભટકી જાય છે ત્યારે



પોતાના જ નહીં, બીજા ઘણાનો નાશ પણ કરે છે.

પરમાત્માએ દરેક મનુષ્યના અંતરાત્મામાં એક માર્ગદર્શક ચેતનાની સ્થાપના કરી છે, જે એને દરેક યોગ્ય કાર્ય કરવાની પ્રેરણા આપે છે અને અયોગ્ય કાર્ય કરે ત્યારે વખોડે છે. સદાચાર અને કર્તવ્યપાલનનાં કાર્યોને ધર્મ કે પુણ્ય કહેવાય છે, એ કરવાથી તરત જ કરનારને પ્રસન્નતા થાય છે. આથી ઊલટું જો સ્વેચ્છાચાર વર્તવામાં આવ્યો હોય, ધર્મ-મર્યાદાઓ તોડવામાં આવી હોય અને સ્વાર્થ માટે અનીતિનું આચરણ કરવામાં આવ્યું હોય તો અંતરાત્મા લજ્જા, સંકોચ, પશ્ચાત્તાપ,

> “આત્મદંડ સૌથી મોટી માનસિક વ્યાધિ છે, જેનું મન તેનાં દુષ્કર્મો માટે ધિક્કારતું રહેશે, એ આંતરિક દૃષ્ટિએ ક્યારેય સશકત રહી શકશે નહીં. એને ઘણા માનસિક દુર્ગુણો ઘેરી વળશે અને ધીરે ધીરે અનેક મનોવિકારોથી ઘેરાઈ જશે. મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને લોકો તાત્કાલિક થોડો લાભઉઠાવતા જોવા મળે છે. દૂરગામી પરિણામોને ન જોતાં લોકો તાત્કાલિક લાભને જુએ છે.”

ભય અને ગ્લાનિ અનુભવે છે. અંદર અશાંતિ રહેશે અને એવું લાગશે કે જાણે પોતાનો અંતરાત્મા જ તમને ધિક્કારી રહ્યો છે. આ આત્મદંડની પીડા ભુલાવવા માટે અપરાધી પ્રવૃત્તિના લોકો નશાનો સહારો લે છે, છતાં ચેન ક્યાં મળે છે? પાપવૃત્તિઓ બળતા અગ્નિસમાન છે, જે એને સ્થાન મળે ત્યાં જ પહેલાં જલન પેદા કરે છે.

આત્મદંડ સૌથી મોટી માનસિક વ્યાધિ છે, જેનું મન તેનાં દુષ્કર્મો માટે ધિક્કારતું રહેશે, એ આંતરિક દૃષ્ટિએ ક્યારેય સશક્ત રહી શકશે નહીં. એને ઘણા માનસિક દુર્ગુણો ઘેરી વળશે અને ધીરે ધીરે અનેક મનોવિકારોથી ઘેરાઈ જશે. મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને લોકો તાત્કાલિક થોડો લાભ ઉઠાવતા જોવા મળે છે. દૂરગામી પરિણામોને ન જોતાં લોકો તાત્કાલિક લાભને જુએ છે. બેઇમાનીથી ધન કમાવાથી, દંભ કરીને અહંકાર વધારવાથી અને અયોગ્ય ભોગો ભોગવવાથી જે ક્ષણિક સુખ મળે છે એ પરિણામ સ્વરૂપે ભારે વિપત્તિ બનીને સામે આવે છે. માનસિક સ્વાસ્થ્યનો નાશ કરવામાં અને આધ્યાત્મિક મહત્તા અને વિશેષતાઓને સમાપ્ત કરવામાં સૌથી મોટું કારણ આત્મદંડની બળતરાથી મન અને અંતઃકરણનાં બધાં શ્રેષ્ઠ તત્ત્વ બળી જાય છે અને આવો મનુષ્ય પ્રેત અને પિશાચ જેવી સ્મશાનયુક્ત મનોભૂમિ લઈને સતત વિક્ષુબ્ધ થઇને ભમતો રહે છે.

બકુભાઈ સી. ગાંધી (સમોડા)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક

## એક પતિ તરફથી પત્ની ને વહાલનો પત્ર...

વ્હાલી,...

હું જાણું છું કે આ સંબોધન તને ચોંકાવનારું છે કેમ કે ક્યારેય તને આવા વહાલસોયા નામથી સંબોધી જ નથી. હું એ પણ માનું છું કે તને મારા તરફ ઘણી બધી ફરિયાદો પણ હશે પરંતુ કેટલીક વાતો એવી હોય કે જે કહી નથી શકાતી પણ એનો અહેસાસ જરૂર થતો હોય છે.

મને તારા માટે હંમેશા એવું લાગતું કે ઘરકામ એ તે કોઈ કામ થોડું છે? તારા પર કોઈ બૉસ તો નથીને? તારે કોઈને જવાબો નથી આપવાના ને? સાબિત નથી કરવાનું ને? ઘરમાં કમાઈને નથી આપવાનું ને? તો, ...તું ઘરમાં શું કરે છે..!!

હા, સાચું છે કે તારે બહાર નીકળીને સમાજનો સામનો નથી કરવો પડતો પરંતુ આજે બાળકો ને વ્યવસ્થિત એની જિંદગીમાં ગોઠવાઈ ગયેલા જોઉં છું, અત્યંત આજ્ઞાંકિત અને નમ્ર લહેજામાં વાત કરતાં જોઉં છું ત્યારે સમજાય છે કે, ...તું ઘરમાં શું કરે છે..

અડોશપડોશ અને સગા સ્નેહીઓમાં તારા વખાણ સાંભળું છું, અરે સોસાયટીમાં તારા પતિથી મારી ઓળખ અપાય છે ત્યારે સમજાય છે કે, ...તું ઘરમાં શું કરે છે..!!

ઓછી સુવિધાઓ અને લિમિટેડ ભૌતિક સુખો વાળા આ ઘરમાં પગ મૂકતાં જ આધિ, વ્યાધિ અને ઉપાધિ દૂર થઇ મંદિરમાં પ્રવેશ્યાની અનુભૂતિ થાય છે ત્યારે સમજાય છે કે, ...તું ઘરમાં શું કરે છે..!!

અરે, તારા સિવાય કોઈની પણ તબિયત જરા સરખી પણ નરમ હોય તો એ વ્યગ્રતા તારા ચહેરા પર મેં હજારો વાર જોઈ છે. ઘરમાં પ્રવેશતાં જ તું મૂડ ને પારખી જાય છે ને એ જોઈને સમજાય છે કે, ...તું ઘરમાં શું કરે છે..!!

હા, આજે હું નિવૃત્ત છું-દિવસનો મોટો ભાગ ઘરમાં જ વિતાવું છું અને મારા સરખી જ ઉંમરની તને- સતત પ્રવૃત્ત અને જવાબદારીઓથી ઝૂકેલી જોઉં છું ત્યારે સમજાય છે કે, ..તું ઘરમાં શું કરે છે..!!

જિંદગી આગળ કદાચ સમય ન પણ આપે આ સ્વીકારવાનો -તારી પાસે એકરાર કરવાનો- માટે આજે જ કહી દઉં. તું પત્ની, માતા, પુત્રવધુ, પાડોશી અને આવા કેટલાય સંબંધો એકસાથે સુપેરે નિભાવી જાણે છે.

મને ગર્વ છે તારા જેવી જીવનસંગીની મેળવ્યા નો..

હા, થોડું મોડું સમજાયું છે એ માનુ છું પણ જ્યારે સમજાયું છે ત્યારે તને પણ અહેસાસ અપાવી શકવાની સ્થિતિ છે એ પણ ઘણું છે. સાચે જ, આજે સમજાય છે કે, તું ઘરમાં શું કરે છે..!!

તું સાચે જ ઘરમાં ઘણું બધું કરે છે સંપૂર્ણ ઘર તને આભારી અને ઋણી છે...તું સાચે જ ઘરની "લક્ષ્મી" અને "ગૃહિણી" છે.

# સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

## દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા...



ઉમેશ વિક્રમભાઈ શાહ
ગામ : બોકરવાડા- અમદાવાદ
મોબાઈલ : ૯૦૯૯૪૪૩૪૩૪
જન્મ તારીખ : ૧ ઓગષ્ટ



વિધાન આકાશકુમાર શાહ
ગામ : દેણપ - અમદાવાદ
મોબાઈલ : ૯૦૬૭૧૫૩૪૦૦
જન્મ તારીખ : ૩ ઓગષ્ટ



અશોકકુમાર ચંદુલાલ શાહ
ગામ : વિસનગર - અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૮૦૪૮૨૧૩
જન્મ તારીખ : ૬ ઓગષ્ટ



અમિત દિલીપકુમાર શાહ
ગામ : ખરોડ - અમદાવાદ
મોબાઈલ : ૯૮૯૮૩૯૩૨૭૨
જન્મ તારીખ : ૮ ઓગષ્ટ



દિલીપકુમાર જેઠાલાલ શાહ
ગામ : ખરોડ - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૫૫૭૮૭૩૩
જન્મ તારીખ : ૯ ઓગષ્ટ



હંસાબેન જીતેન્દ્રકુમાર શાહ
ગામ : બોરીઆવી - મહેસાણા
મોબાઈલ : ૯૮૯૮૩૨૫૧૧૧
જન્મ તારીખ : ૧૫ ઓગષ્ટ



લલીતકુમાર કેશવલાલ શાહ
ગામ : ભાલક - મહેસાણા
મોબાઈલ : ૯૯૨૫૦૦૬૧૩૯
જન્મ તારીખ : ૨૪ ઓગષ્ટ



દક્ષેશ અશ્વિનકુમાર શાહ
ગામ : ભાલક - અમદાવાદ
મોબાઈલ : ૮૧૪૧૮૧૭૧૦૦
જન્મ તારીખ : ૨૪ ઓગષ્ટ



કીયાન પ્રતિકકુમાર શાહ
ગામ : બોરીઆવી - અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૭૭૦૨૮૯૬
જન્મ તારીખ : ૨૫ ઓગષ્ટ



ઉપેન્દ્રકુમાર જેઠાલાલ શાહ
ગામ : ખરોડ - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૫૨૭૮૪૭૮
જન્મ તારીખ : ૨૫ ઓગષ્ટ



ભાઈલાલભાઈ ઉત્તમલાલ શાહ
ગામ : ભાલક - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૫૫૮૧૯૭૬
જન્મ તારીખ : ૨૯ ઓગષ્ટ



હેમંતકુમાર ચંદ્રકાંતભાઈ શાહ
ગામ : પિંઢારપુરા - સુરત
મોબાઈલ : ૯૪૨૬૭૭૫૯૯૯
જન્મ તારીખ : ૨૯ ઓગષ્ટ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

સુજ્ઞ જ્ઞાતિબંધુઓ,

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ દ્વારા દર વર્ષે તપસ્વીઓના નક્કી કરેલ યાદી મુજબનાં તપની અનુમોદના કરવામાં આવે છે. જનરલ સભામાં તપની અનુમોદના અને તપસ્વીઓના બહુમાન માટે તપની યાદીની સમિક્ષા કરવા માટે થયેલ રજુઆત અને તે સબબ થયેલ ઠરાવ મુજબ સમ્યક જ્ઞાન સમિતિ દ્વારા બેઠકો યોજી, મહિલા મંડળના કારોબારીગણ સાથે ચર્ચા વિચારણા કરીને તથા ટ્રસ્ટીગણ સમક્ષ દરખાસ્ત રજુ કરીને નીચે જણાવ્યા મુજબ પાંચ સંવર્ગ ( Cadre ) માં તપની યાદી તૈયાર કરી તપસ્વીનું તપ પુર્ણ થયા બાદ વર્ષમાં એક વાર અનુમોદના / બહુમાન કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

તપની યાદી સંવર્ગ ( Cadre ) પ્રમાણે નીચે મુજબ છે.

(અ) તપની સંવર્ગ (Cadre) :- સળંગ સાત દિવસ કે તેથી વધારે દિવસના ઉપવાસ

(૦૧) ક્ષીર સમુદ્ર તપ (૦૨) ૮ ઉપવાસ

(૦૩) ચોસઠ પ્રહરી પૌષધ (ઉપવાસ સાથે) (૦૪) ૯ ઉપવાસ

(૦૫) ૧૦ ઉપવાસ (૦૬) ૧૬ ઉપવાસ

(૦૭) ૩૦ ઉપવાસ (૦૮) સિદ્ધિ તપ (૪૪-૪૫ દિવસ)

(૦૯) ચત્તારી - અઠ - દશ - દોય તપ - (૨૭ દિવસ)

(૧૦) ૪૫ આગમ તપ (સળંગ ઉપવાસ સાથે)

નોંધઃ ઉપરોક્ત તપમાં સમાવેશ થયેલ ના હોય પરંતુ ૭ દિવસથી વધારે સળંગ દિવસનું તપ હોય અને તેમાં ૭ દિવસથી વધારે ઉપવાસ થયા હોય તો મેનેજિંગ ટ્રસ્ટી / પ્રમુખ / મહામંત્રી તેવા તપસ્વીનું નામ અનુમોદના માટે સ્વીકારી શકશે.

(બ) તપની સંવર્ગ (Cadre) :-

સળંગ ૧૦૦ દિવસ કે તેથી વધારે દિવસનું તપ હોય અને સમગ્ર તપ દરમિયાન ૫૦ કે તેથી વધારે ઉપવાસ કરવામાં આવેલ હોય તેવાં તપ.

(૦૧) અષ્ટ કર્મ સુદન તપ (બીજી રીત)- ૧૩૫ દિવસ (૦૨) નવકાર તપ ( સળંગ હોય તો )- ૧૩૬ દિવસ

(૦૩) તિર્થંકર જ્ઞાન તપ ( બીજી રીત )- દિવસ-૧૦૧ (૦૪) છજ્જુ જિનની ઓળી (સળંગ હોય તો)- દિવસ-૧૯૨

(૦૫) ભદ્ર તપ- દિવસ-૧૦૦ (૦૬) ૧૦૮ મહા તિર્થ- સળંગ અને ૫૦ કે તેથી વધારે ઉપવાસ સાથે હોય તો

(૦૭) શ્રેણી તપ (ચોથી રીત)- દિવસ-૧૩૨ (૦૮) વર્ગ તપ- દિવસ-૧૬૦

(૦૯) છ માસી તપ- દિવસ-૧૮૦ (૧૦) લઘુ સિંહનિઃ કીડિત તપ-દિવસ-૧૮૭

(૧૧) મહા ભદ્ર તપ - દિવસ-૨૪૫ (૧૨) છ માસી તપ (બીજી રીત)-દિવસ-૩૬૦

(૧૩) વર્ષી તપ- દિવસ-૪૦૦

નોંધઃ- ઉપરોક્ત તપમાં સમાવેશ થયેલ ના હોય પરંતુ ૧૦૦ કે તેનાથી વધારે સળંગ દિવસનું તપ હોય અને તેમાં ૫૦ દિવસથી વધારે ઉપવાસ થયા હોય તો મેનેજિંગ ટ્રસ્ટી / પ્રમુખ / મહામંત્રી તેવા તપસ્વીનું નામ અનુમોદના માટે સ્વીકારી શકશે.

(ક) તપની સંવર્ગ (Cadre) :- ઉપધાન તપ

(૦૧) પિસ્તાલીસુ (દિવસ-૪૫)

(૦૨) પાંત્રીસુ (દિવસ-૩૫)

(૦૩) અઠ્ઠાવીસુ (દિવસ-૨૮)

(૦૪) અઢારીયુ (દિવસ-૧૮)

(ડ) તપની સંવર્ગ (Cadre) :- ઓળી

(૦૧) ૧૦૦ મી ઓળી પુર્ણ થઈ હોય

(૦૨) ૫૦૦ આયંબિલ પુર્ણ થયેલ હોય

(ઈ) તપની સંવર્ગ (Cadre) :- યાત્રા

(૦૧) ૯૯ યાત્રા

(૦૨) છઠ્ઠ સાથે ૭ યાત્રા

(૦૩) અઠ્ઠમ સાથે ૧૧ યાત્રા

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ - ટ્રસ્ટીગણ

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

## -: તપની અનુમોદના સહ તપસ્વી બહુમાન કાર્યક્રમ :-

તારીખ : ૦૭-૦૯-૨૦૨૫ ને રવિવાર | (જ્ઞાતિનાં હોલ ઉપર વાસણા) | બપોરના ૨ થી સાંજના ૫.૩૦

સુજ્ઞ જ્ઞાતિબંધુઓ,

તપસ્વી બહુમાન કાર્યક્રમના દિવસના ભોજન સમારંભના કાયમી મુખ્ય સૌજન્ય દાતા શેઠશ્રી સુમતીલાલ કેશવલાલ ન્હાલચંદ શાહ પરિવાર (ઉનાવા) (સુપુત્રો શ્રી ભરતભાઈ, શ્રી દિપકભાઈ તથા શ્રી કમલેશભાઈ) તપસ્વી બહુમાન શ્રીફળના કાયમી સૌજન્ય દાતા શ્રીમતી શાંતાબેન નાનચંદભાઈ શાહ પરિવાર (ચાણસ્મા) (હસ્તે : શ્રીમતી છાયાબેન ભાવિકભાઈ શાહ) (પિંઢારપુરા) ના સહયોગથી શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ દ્વારા દર વર્ષે તપની અનુમોદના સહ તપસ્વી બહુમાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આપને સહર્ષ જણાવવાનું કે, આ વર્ષે જ્ઞાતિજનોની રજુઆત ધ્યાનમાં લઈ તપની અનુમોદના માટે નવેસરથી તપની યાદી નક્કી કરવામાં આવી છે (યાદી માહે- ઓગષ્ટ- ૨૦૨૫ ના પરિવાર પત્રિકા અંકમાં પ્રસિદ્ધ કરેલ છે.).

યાદી મુજબનાં તપ પૈકીનું જે તપ જે તપસ્વીએ પુર્ણ કરેલ હોય અથવા તા. ૦૬-૦૯-૨૦૨૫ સુધી પુર્ણ થનાર હોય તેવા તપસ્વીઓના તપની અનુમોદના સહ તપસ્વી બહુમાનનો કાર્યક્રમ તા. ૦૭-૦૯-૨૦૨૫ ને રવિવારના રોજ બપોરના ૨.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન જ્ઞાતિ મંડળના હોલ, વાસણા ખાતે રાખવામાં આવેલ છે.

જ્ઞાતિજનોને વિનંતી છે કે, તપસ્વીઓના તપની અનુમોદના સહ બહુમાન માટે યથાયોગ્ય વ્યવસ્થા કરી શકાય તે માટે તા. ૦૧-૦૯-૨૦૨૫ સુધી તપસ્વીનું નામ નોંધાવવા વિનંતી છે. તપસ્વીનું પુરૂ નામ, ગામ, સરનામુ, ઉંમર વર્ષ, તપનું નામ, તપના દિવસ, ઉપવાસના દિવસની વિગત પુરી પાડવાની રહેશે. (૧) લેખિતમાં કાગળ પર લખીને હોલ પર, (૨) હેલ્પ લાઈન મોબાઈલ નંબર +91 70466 02375 પર WhatsApp મેસેજથી કે (૩) જ્ઞાતિ મંડળ, અમદાવાદ તરફથી મેસેજથી મોકલવામાં આવનાર ગુગલ ફોર્મ ભરીને પુરી પાડી શકાશે.

- બહુમાન તપસ્વીનું જ હોય. તેથી તપસ્વી સિવાય અન્ય કોઈ સ્વીકાર કરી શકશે નહીં કે કાર્યક્રમ પુર્ણ થયા બાદ બહુમાન સ્વીકારની કોઈ વ્યવસ્થા કરવાનું સંભવિત નથી.
- તપસ્વી બહુમાનનો કાર્યક્રમ પુર્ણ થયા બાદ સાધર્મિક ભક્તિ (ચૌવિહાર) નો લાભ આપવા વિનંતી છે. વ્યવસ્થાના ભાગરૂપે સાધર્મિક ભક્તિના પાસ તા.૦૫-૦૯-૨૦૨૫ સુધીમાં જ્ઞાતિ મંડળના હોલ, વાસણા ખાતેથી મેળવી લેવા વિનંતી છે.

**ખાસ નોંધઃ-**

- અન્નનો બગાડ અટકાવવાના શુભ હેતુથી તથા વ્યવસ્થાના ભાગરૂપે પાસ મેળવતી વખતે પાસ દીઠ રૂ. ૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા) જમા કરાવવાના રહેશે. જે ડીસ આપતી વખતે પાસ કલેક્ટ કરવાની સાથે પરત આપવામાં આવશે.
- વયોવૃદ્ધ, અપંગ જ્ઞાતિજનો માટે હોલમાં બેસવા માટે તથા જમવા માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવશે.
- જ્ઞાતિજનોને પણ તપસ્વી અનુમોદના તથા બહુમાન માટે ઉદાર હાથે સહયોગ આપી ધાર્મિક લાભ લેવા નમ્ર વિનંતી છે.
- તમામ જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં હાજર રહી ધાર્મિક લાભ લેવા વિનંતી છે.

**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ**

મંત્રી સોનલબેન એસ. શાહ          સહમંત્રી, પીંકીબેન એસ. શાહ

## શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ પરિવાર, મહેસાણા



શ્રીગાંભુ તીર્થના સફળ પ્રવાસ બાદ,સભ્યશ્રીઓની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈને શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ પરિવાર, મહેસાણા દ્વારા તા., ૨૭,૨૮,૨૯ જૂન ત્રિદિવસીય કચ્છ શ્રીભદ્રેશ્વર પંચતીર્થયાત્રા પ્રવાસ ૯૯ યાત્રિકો સાથે એ.સી સ્લીપિંગ કોચ બે લક્ઝરી બસો દ્વારા યોજવામાં આવ્યો.

કરી અતિ પ્રાચીન અને ભવ્યાતિભવ્ય શ્રીમહાવીર સ્વામી અને ૧૦૮ શ્રીપાર્શ્વનાથ પરિપૂજિતાય શ્રીશામળીયા પાર્શ્વનાથ દાદાના ધામ શ્રીભદ્રેશ્વર તીર્થે પહોંચ્યા. સેવા પૂજા અને સ્નાત્ર પૂજા ભણાવી. તેનો હંસાબેન જગદીશચંદ્ર શાહે લાભ લીધો.

ત્યાર બાદ માંડવી બીચ પ્રયાણ કર્યું. માંડવી બીચનો કિનારો જાણે ૪૭ જ્ઞાતિ પરિવારથી છવાઈ ગયો હતો. સાગર જળને સ્પર્શીને વહેતી મીઠી મધુરી શીત પવનની લહેરો સ્પર્શી રહી હતી, દરિયાઈ મોજાં જાણે હર્ષ ઘેલાં બન્યાં હોય તેમ ઉછળી ઉછળીને ભેટવા આવતાં હતાં. નાના મોટા વડીલો સર્વેએ અલ્હાદક આનંદની મોજ માણી. ત્યારબાદ કન્વીનરશ્રીઓ દ્વારા બીચ ઉપર ચૌવિયારની વ્યવસ્થા કરવામાં આવી હતી, ત્યાંથી ૭૨ જિનાલય રાત્રે છ.૭ રૂમોમાં રાત્રી રોકાણ દરમિયાન વિદ્યાર્થી ઇનામ વિતરણનો ભવ્ય પ્રોગ્રામ રાખવામાં આવેલ શૈક્ષણિક ઇનામના દાતાશ્રી ચિ. હાર્દિક,અ.સૌ. હંસા જીતેન્દ્રકુમાર શાહ હસ્તે તેમજ સભ્ય પરિવાર દીઠ બે ઓશીકા કવર સાથે ડબલ બેડની કોટન ચાદર ના દાતાશ્રી કલ્પેશ બાબુલાલ, ભાવિન ચંદ્રકાંતભાઈ, રોનક ઇશ્વરભાઇ, દર્શન દિનેશભાઈ,હાર્દિક સૂર્યકાંત,હેત વિપુલકુમાર દ્વારા આપવામાં આવી હતી તેમજ વ્યક્તિ દીઠ રૂ. ૧૨૦/- નું સંઘ પૂજન કરવામાં આવ્યું.

૭૨ જિનાલયમાં સવારે નવકારસી તેમજ આદિનાથ દાદાની સેવા પૂજા ભક્તિ કરી રસ્તામાં શ્રીઅરનાથ દાદાનાં દર્શન કરી શ્રીમહાવીર પ્રભુના ધામ વાંકી તીર્થ પહોંચ્યા અને ત્યાંથી શ્રીસીમંધર સ્વામી શ્રીનમસ્કાર તીર્થ પહોંચ્યા. અહીં બધાએ જુદી જુદી રમતો રમી અને સાથે સંધ્યાભક્તિ કરી. મંગળ દીવાનો લાભ ચિ. હાર્દિક, અ.સૌ હંસા જીતેન્દ્રકુમાર શાહે લીધો.

આ યાત્રા પ્રવાસ દરમ્યાન યાત્રિકો એકબીજાના પરિચયથી વધુ નજીક આવ્યા. ભક્તિ સાથે ખૂબ જ મોજ મસ્તી આનંદથી યાદગાર પ્રવાસ બની રહ્યો.

ડૉ. પિયૂષભાઈ રસિકલાલ શાહ

હરેશભાઈ શાંતિલાલ શાહની મંડળના સલાહકાર તરીકે જાહેરાત કરવામાં આવી.

નવા નિયુક્ત પ્રમુખશ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ, મંત્રીશ્રી આશીષ જગદીશચંદ્ર શાહ ની રાહબરી નીચે યુવાન કાર્યકરો, દાતાશ્રીઓ તથા કન્વીનરશ્રી કલ્પેશ બી. શાહ, ભાવિન સી. શાહ, રોનક આઈ. શાહ, હાર્દિક એસ. શાહ, મિલન આર. શાહ, દર્શન ડી.ગાંધી, હેત વી .શાહના સફળ સંચાલનથી પ્રવાસ યાદગાર બની રહ્યો.

**જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ-પ્રમુખ • આશીષ જગદીશચંદ્ર શાહ-મંત્રી**

## સાધાર્મિક સહાય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૧૧૦૦૦/-**



અંજનાબેન અશોકભાઈ બાબુલાલ શાહ
ગામ : કરલી - હાલ ભાયંદર

ઉદારતા ઉધાર કે ઉછીની મળતીનથી.
એ તો જન્મજાત જ હોય છે.

આવા ઉદારદિલ સમાજ સેવાના કાર્યોમાં કાર્યરત તેમજ નિષ્ઠા અને નીતીના ઉદાહરણ સમા અને આપણા સમાજના વિરારથી દહિંસર મંડળમાં હાલમાં મંત્રીશ્રી તરીકે સેવા આપતા શ્રી અશોકભાઈ બાબુલાલ શાહ (કરલી - હાલ: ભાયંદર, મુંબાઈ) એ તેમના ધર્મપત્ની સ્વ.અંજનાબેનની માસિક પુણ્યતિથિએ પુણ્યસ્મૃતિમાં અને આત્મશ્રેયાર્થે આપણા મંડળ દ્વારા ચાલતી સાધર્મિક વાત્સલ્ય યોજનામાં રૂા.૧૧૦૦૦/-નું આર્થિક યોગદાન આપેલ છે.

સમાજના સાધર્મિક પરિવારો પ્રત્યે વાત્સલ્યપ્રભાવ દાખવી તેઓશ્રીએ એક ઉમદા ઉદાહરણ પૂરુ પાડેલ છે જેને અમો બિરદાવીએ છીએ. આવા સત્કાર્યોની સુવાસ પ્રસ્તાવતા રહો તેવી અભ્યર્થના સાથે દિવંગત્ આત્માને પરમાત્મા શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

## બદલાયેલા સરનામા

### અમદાવાદ

**આર્જવ રમેશચંદ્ર શાહ................................વડાવલી**
એ/૩૦૩, પંચશીલ નિહીર ફ્લેટ, શાંતિવન-પાલડી, પીનાકીન સોસાયટી સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૯૮૯૮૩૭૬૬૨૨

**જૈનમ અતુલકુમાર શાહ.................................મોટપ**
બી-૩, દર્શન એપાર્ટમેન્ટ, શ્રીમદ્ રાજગુરુ ઉપાશ્રય પાછળ, જૈનનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૦૩૩૮૮૦૧૨૪

**અતુલકુમાર ચંપકલાલ શાહ.............................મોટપ**
બી-૩, દર્શન એપાર્ટમેન્ટ, શ્રીમદ્ રાજગુરુ ઉપાશ્રય પાછળ, જૈનનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૬૦૧૫૪૭૭૯૪

### આજીવન સભ્ય અમદાવાદ

**પ્રજ્ઞેશકુમાર મનુભાઈ શાહ...................................દેણપ**
૯, અરીહંત એપાર્ટમેન્ટ, બંગ્લો નં.-૧૧, પ્રતાપકુંજ સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.મો.: ૯૦૮૧૦૭૭૭૯૯, ૮૭૫૮૦૬૮૧૯૦

### વડોદરા

**વસંતકુમાર નટવરલાલ શાહ............................કમાણા**
D-1, 313, Everest Dignity, IIRA સ્કુલ પાસે, ભાયલી કેનાલ રોડ, વડોદરા-391410. મો.: 9998717985

### મુંબઈ

**કેતનભાઈ લાલચંદભાઈ ગાંધી..........................મોઢેરા**
૨૦૪, રાહેજા આર્ટેસીયા, હિંદ સાયકલ માર્ગ, હનુમાન નગર, વર્લી, મુંબઈ-૪૦૦૦૩૦. મો.: ૯૮૨૧૧૫૦૨૮૨

**રવિન્દ્ર બાબુલાલ શાહ.......................................રણુંજ**
મનોરમા એમ્પ્રેસ કસ્તુર પાર્ક, શીમ્પોલી રોડ, નીલકમલ હાઈટ્સની બાજુમાં, બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૯૨. મો.: ૯૮૯૨૪૬૧૭૬૨

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. અંજનાબેન અશોકભાઈ શાહ

**(ગામ : કરલી - હાલ ભાયંદર)**

**જન્મ તારીખ : ૧૭-૦૨-૧૯૫૭ • સ્વ. તારીખ : ૧૮-૦૬-૨૦૨૫**

અંજલિ આપતા હૈયુ તૂટે છે શ્રદ્ધાંજલિ આપતા શબ્દા ખૂટે છે પલભરમાં છેતરી ગયા પાપણના પલકારે મોણ પામી ગયા તમારી યાદમાં પ્રત્યક્ષ દર્શન કરી માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુનો અભિષેક અર્પણ કરીએ છીએ. તમારું હસતુ મુખ, મીઠો સ્વભાવ અને અનંતપ્રેમ હમેશા અમારી યાદોમાં જીવંત રહેશે.

આ જીવનમાં તમે આપેલ સંસ્કાર અમારૂં માર્ગદર્શન બનશે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. બાબુલાલ લહેરચંદ શાહ
સ્વ. તારાબેન બાબુલાલ શાહ
અશોકભાઈ બાબુલાલ શાહ
કલ્પનકુમાર અશોકભાઇ શાહ
જીગ્નેશા કલ્પનકુમાર શાહ
કેવલ કલ્પનકુમાર શાહ

પુત્રી અને જમાઈ: ગામ-ગાંભુ
એકતા ગુંજનકુમાર શાહ
ગુંજનકુમાર કિરણભાઈ શાહ
દોહિત્ર : જૈનમ ગુંજનકુમાર શાહ
દોહિત્રી : જૈની ગુંજનકુમાર શાહ

પિયરપક્ષ: ગામ-ખેરાળુ
સ્વ. મંજુલાબેન પોપટલાલ શાહ
સ્વ. પોપટલાલ અમૃતલાલ શાહ

૪/૩૧૪, આનંદ નગર, ૬૦ ફુટ રોડ, ભાયંદર (વેસ્ટ) ૪૦૧ ૧૦૧.

# અવસાન-શ્રધ્ધાંજલિ



રજનીકાંત (રાજુભાઈ) નરોત્તમદાસ શાહ
ગામ : ઊંઢાઈ
હાલ : પેણ - રાયગઢ
સ્વ. તા.૧૨-૦૭-૨૦૨૫, શનિવાર



વિનોદચંદ્ર કચરાલાલ શાહ
ગામ : લણવા
હાલ : વાપી
સ્વ. તા.૧૨-૦૭-૨૦૨૫, શનિવાર



નાથાલાલ અમૃતલાલ શાહ
ગામ : મોટી દાઉ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૪-૦૭-૨૦૨૫, સોમવાર




હંસાબેન ચંદુલાલ શાહ
ગામ : ઊંઢાઈ
હાલ : મલાડ (ઈસ્ટ),મુંબઈ
સ્વ. તા.૨૩-૦૭-૨૦૨૫, બુધવાર



વિમળાબેન બાબુલાલ શાહ
ગામ : ભાલક
હાલ : પૂના
સ્વ. તા.૨૬-૦૭-૨૦૨૫, શનિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## શ્રધ્ધાંજલિ-સ્મૃતિવંદના



**શ્રી નાથાલાલ અમૃતલાલ શાહ**
**(મોટીદાઉ-અમદાવાદ)**
સ્વ. તા.૧૪-૦૭-૨૦૨૫, સોમવાર

શ્રી નાથાલાલ અમૃતલાલ શાહ (મોટીદાઉ-અમદાવાદ)નું તા.૧૪-૦૭-૨૦૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. જ્ઞાતિ મંડળ/મહિલા મંડળ ગંભીર ઘેરા દુ:ખની લાગણી અનુભવે છે. તેમના અવસાનથી આપણા સમાજને અને ખાસ કરીને કૃષ્ણનગર મંડળને ના પૂરાય તેવી ખોટ પડી છે. સદ્‌ગત કૃષ્ણનગર મંડળના પ્રારંભ પ્રણેતા, આધારસ્થંભ સમાન અને પૂર્વ પ્રમુખ હતા અને મોટા મંડળના કાર્યોમાં પણ સહભાગી રહેતા હતા.

કહેવાય છે ને "યોગી નહી" પણ "કર્મ યોગીબનો" તેમ ખરેખર તેઓ સામાજીક કાર્યો માટે હંમેશા કર્મયોગી રહ્યા હતા. આવા કર્મયોગીના અવસાનથી સમાજે`ક સમાજ સેવક અગ્રણી ગુમાવ્યા છે. તેમના સત્કાર્યોની સુવાસ સદાય મહેંકતી રહેશે. તેમના સુકૃત્યોની અનુમોદના એ જ એમની સાચી શ્રધ્ધાંજલિ ગણાશે. સદ્‌ગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે અને તેમના પરિવાર ઉપર આવી પડેલ આપત્તિને સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના સહ.

**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી**
**જ્ઞાતિમંડળ/મહિલા મંડળ અમદાવાદ**

## પરસ્પર પ્રેમ...

એક ગામમાં એક ખુબજ ધનિક વહેપારી રહેતો હતો, તે અઢળક જમીન જાયદાદ અને ધન દૌલતથી માલામાલ હતો. એક જોતા એમ કહી શકાય કે એ વહેપારી ઉપર લક્ષ્મિજીનો આશિર્વાદ હતો.

એક વખત રાત્રે લક્ષ્મિજી વહેપારીને સ્વપ્રમાં આવ્યાં અને કહ્યુ કે હવે તમારૂ પુણ્ય સમાપ્ત થયું. હવે થોડા દિવસોમાં હું તમારા ઘરેથી વિદાય લઈશ. આપને જે પૂછવું હોય કે જે કઈ પણ મારી પાસે માંગવુ હોય તે વિના સંકોચ માગી શકો છો. ત્યારે ઉદ્યોગપતિએ કહ્યું, "હું મારા પરિવાર પાસેથી સલાહ લઈ લઉં " હું પરિવારને પુછી અને કાલે કહીશ. જ્યારે તે સવારે ઉઠ્યો ત્યારે આખો પરિવાર આખી વાત કહી. શું માંગવું? તેના વિશે દરેકના અલગ અલગ મંતવ્યો હતા.

કોઈ કહી રહ્યું હતું કે તમારે એટલી બધી સંપત્તિ માંગવી જોઈએ કે તમે તમારૂ આખું



જીવન આરામથી વિતાવી શકો. તો કોઈ કહેતું હતું કે આખી જિંદગી ખાવાનું માંગજો. તો કોઈએ એવી પણ સલાહ આપી કે ખુબજ જમીન માંગો જેનાથી જમીન ઉપર ખેતી અથવા ઉદ્યોગ કરી આખી જીંદગી સારી રીતે પસાર થઈ શકે, ક્યારેય પણ કોઈ વસ્તુની પછી જરૂર નહી પડે,

તેમની સૌથી નાની પુત્રવધૂ ખૂબ જ બુદ્ધિશાળી હતી. તે બધાને શાંતિથી સાંભળી રહી હતી. છેવટે તેણીએ કહ્યું, પિતાજી! મારા મતે, ધન અને જમીન માંગવી યોગ્ય નથી કારણ કે આ બધું દેવી લક્ષ્મી સાથે જતું જ રહેશે. છેવટે, આ બધું લક્ષ્મીજીનો જ એક ભાગ છે. આના બદલે, આપણે પરસ્પર પ્રેમનો આશીર્વાદ માંગવો જોઈએ. જો પરિવારના બધા સભ્યો વચ્ચે પ્રેમભાવ હશે તો મોટીથી મોટી સમસ્યા પણ સરળતાથી દૂર થઈ જશે. જો આપણે બધા સાથે મળીને તેનો સામનો કરીશું, તો બધી સમસ્યાઓ દૂર થઈ જશે. તેને તેની નાની પુત્રવધૂની વાત ખુબજ ગમી, બીજા દિવસે સ્વપ્રમાં તેણે લક્ષ્મીજી પાસે પોતાના પરિવારનો પરસ્પર પ્રેમ માંગ્યો. લક્ષ્મીજી ખૂબ પ્રસન્ન થયા. લક્ષ્મીજીએ કહ્યું, 'હું ક્યારેય એવા પરિવારને છોડી શકતી નથી જ્યાં સભ્યો પરસ્પર પ્રેમથી રહેતા હોય અને ક્યારેય ઝઘડો કે કંકાસ ન થતો હોય.' આ રીતે લક્ષ્મીજી તેમના ઘરમાં કાયમ માટે નિવાસ કરતા રહ્યા. અને આપનો આખોય પરિવાર આખી જીંદગી પ્રેમભાવથી સુખી અને સમૃદ્ધ રહે તેવા આશિર્વાદ આપ્યાં.

**પાઠ : આપણે પરસ્પર પ્રેમથી રહેવું જોઈએ.**

**દેવિ-દેવતાઓનો વાસ પણ એવા ઘરોમાં હોય છે, જ્યા પરસ્પર પ્રેમ હોય છે.**

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. નાથાલાલ અમૃતલાલ શાહ (મોટીદાઉ)

જન્મ તા.૦૧-૦૬-૧૯૪૭ • સ્વ.તા.૧૪-૦૭-૨૦૨૫

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,
સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું,
ક્ષમા તમારો ગુણ હતો, ધર્મ કદી ભૂલ્યા નહી,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, તમારું હસતું મુખ અને મીઠો સ્વભાવ હંમેશા
અમારી યાદોમાં જીવંત રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

સૂર્યાબેન નાથાલાલ શાહ
દેવલ નાથાલાલ શાહ
શ્વેતા દેવલ શાહ
કલ્પ, યશ્વી

ફાલ્ગુનીબેન હિતેન્દ્રકુમાર શાહ
ખુશી - તાશી
(વહેલાલ)

રેશ્માબેન મનીષકુમાર શાહ
પ્રિયલ - તીર્થકુમાર
ફેનિલ - શિવાની
(ખરોડ)

વૈશાલી ઉન્મેષકુમાર શાહ
દેવાંશી - શ્રેયા
(ઉનાવા)

નિવાસ સ્થાન : એ/૩૦૨, રૂષભ એલીગન્સ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટની પાછળ, વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. દેવલ નાથાલાલ શાહ : ૯૪૨૭૦૩૩૭૧૦

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



# શ્રી કૃષ્ણનગર જૈન દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ મિત્ર મંડળ

## શ્રધ્ધાંજલી



**સ્વ. નાથાલાલ અમૃતલાલ શાહ** (મોટીદાઉ)

જન્મ તા.૦૧-૦૬-૧૯૪૭ • સ્વ.તા.૧૪-૦૭-૨૦૨૫

ચિ. દેવલ તથા સુર્યાબેન તેમજ ઘરના સર્વે સ્નેહી જનો,

પૂજ્ય વડીલ સ્વ.નાથાલાલ અમૃતલાલ શાહ મોટીદાઉ નિવાસી (હાલ:અમદાવાદ) ના અવસાનથી આપના પરિવારને જે વડીલની ખોટ પડી છે. તે સહન કરવાની શક્તિ આપે તેજ પ્રભુને પ્રાર્થના.

શ્રી કૃષ્ણનગર જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મિત્ર મંડળ આ દુ:ખદ સમાચારથી શોકની લાગણી અનુભવે છે. કૃષ્ણનગર મંડળની શરૂઆતથી જ વડીલ નાથાકાકા હરપળ હરક્ષણ સાથે જ ઉભા રહ્યા છે. જે મંડળના આધાર સ્થંભ હતા. મંડળનું કોઈપણ કામ-કાજ માટે તેમને મળવાથી તેમનો એક જ શબ્દ હોય. આગળ વધો કામ અટકવું ન જોઈએ. તકલીફ હોય તો મને યાદ કરજો. આ શબ્દો સાંભળી મંડળનું ૮૦% કામ ત્યાંજ હળવું થઈ જતું હતું. આવી હૂંફથી હવે વંચિત એવા કૃષ્ણનગર મંડળ તેમને હર હંમેશા યાદ કરતું રહેશે. તેમની આ ખોટ મંડળ ને પુરાય તેમ નથી. પૂજ્ય કાકા મંડળમાં પ્રમુખ સ્થાને પણ કાર્યરત રહી ચૂકેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના શરણ આવેલ જીવને ભવોભવ અરિહંત શરણ મળે તેજ અભ્યર્થના.....

**પ્રમુખશ્રી**
**શ્રી દિલીપભાઈ જે. શાહ**
**(દેણપ)**

**ઉપ પ્રમુખશ્રી**
**શ્રી હરિશભાઈ યુ. શાહ**
**(ઉનાવા)**

**સેક્રેટરીશ્રી**
**શ્રી નિમેષભાઈ જી. ગાંધી**
**(સમોડા)**

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : info@47dashashrimali.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI